


અમૃત વર્ષા મહોત્સવ : સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર અમૃત વર્ષા મહોત્સવના બીજા દિવસે સામૂહિક યજ્ઞ યોજાયો હતો. વૈદિક વિધિ - વિધાન સાથે યોજાયેલ યજ્ઞમાં અનેક ભાવિક યુગલોએ યજ્ઞમાં આહૂતિ આપી હતી. પૂજન - અર્ચન અને આરતી સમયે ભાવસભર માહોલ સર્જાયો હતો. પૂજ્ય હરિકેશવદાસજીના દીક્ષા ગ્રહણના ૬૦માં વર્ષે ઉજવાતા મહોત્સવ નિમિત્તે યોજાયેલ પ્રદર્શનનો હજ્જારો નાગરિકો લાભ લઈ રહ્યા છે. ભારત દર્શન ભારે આકર્ષણ જમાવી રહ્યું છે.

# સેક્ટર- ૨૩ સ્વામિનારાયણ મંદિર સ્થિત અમૃત વર્ષા પ્રદર્શન ૩૦ હજારથી વધુ નાગરીકોએ નિહાળ્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્થિત સ્વામીનારાયણ મંદિર પરિવાર દ્વારા અમૃતવર્ષા મહોત્સવ અંતર્ગત અમૃતવર્ષા પ્રદર્શન ગત તા. ૧૭ના રોજથી નગરજનો માટે ખુલ્લુ મુકાયુ છે. ત્યારે જાણવા, માણવા જેવા અદ્‌ભુત પ્રદર્શનની ૩૦ હજારથી વધુ નાગરીકોએ મુલાકાત લીધી છે. ઉપરાંત સે. ૨૮, ૨૩, ૨૨માં આવેલ ખાનગી અને સરકારી શાળાના વિદ્યાર્થીઓએ પણ પ્રદર્શન નિહાળ્યુ છે.

૧૬ જેવી અદ્‌ભુત કૃતિઓ નિહાળીને બાળકો આનંદિત થઈ ગયા હતા. ત્યારે મંદિર પરિવાર દ્વારા અમૃત મહોત્સવ અંતર્ગત બાળકોને યાદગીરીરૂપે પેન્સીલ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. જયારે સવારે ૯ થી સાંજના ૩ કલાક સુધી હજુ પણ પ્રદર્શન નિહાળવા માનવ મહેરામણ ઉમટે છે. સેક્ટર-૨૩ સ્વામીનારાયણ મંદિર દ્વારા દર બે વર્ષે અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. મંદિરમાં આવતા ૪૦૦થી વધુ હરિભક્તો ભાઈ-બહેનો દ્વારા પ્રદર્શન બનાવાયું છે. પ્રદર્શનમાં ૧૬ જેટલી વિવિધ કૃતિઓનો સમાવેશ થાય છે. છ માસ અગાઉ આયોજન થયુ હતુ.

ત્યારે પ્રદર્શનમાં વિશ્વના દેશોની અલગ અલગ ૯૫૦ જેટલી ટીકીટ, ધાતુ મુદ્રાના ૧૪૯ દેશના ૮૦૦ થી વધુ સિક્કાઓ, હિમાલયદર્શન, હોલોગ્રામ, ઋષીમુની, ભારતીય સંસ્કૃતિના પ્રસિદ્ધ ૧૩ મંદિરો, ગોવર્ધન લીલા, ગ્રામ્ય વિભાવના, દોલોત્સવ, બાળ કલરવ, સોલાર સીટી તેમજ સેલ્ફી પોઈન્ટ નાગરીકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. નાના બાળકો અને યુવાનો આ પોઈન્ટ પર ઉભા રહી વિવિધ મુદ્રામાં પોતાના ફોટા પાડતા હોય છે. ત્યારે સવારથી સાંજ સતત પ્રદર્શન નિહાળવા નાગરીકોનો ધસારો રહે છે. જયારે હરિભક્તો પણ ખડેપગે સેવામાં હાજર રહે છે. ત્યારે તા. ૨૫ સુધી ચાલનારા અમૃતવર્ષા પ્રદર્શન નિહાળવા હજુ પણ મોટી સંખ્યામાં નાગરીકો આવવાની સંભાવના છે.

જયારે દરરોજ સાંજે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાય છે. જયારે મહિલાઓ માટે ખાસ બપોરના કાર્યક્રમ રાખવામાં આવે છે. જયારે આજે સવારે ધૂન્ય, સત્સંગ સભા, મહાનૈવેધ યોજાયુ હતુ. બપોરે ૩.૩૦ કલાકે હરિપૂજન બાદ મારૂતિયજ્ઞનો પ્રારંભ થયો હતો. ત્યારે સે. ૨૩ મંદિર ખાતે અમૃતવર્ષા મહોત્સવ અંતર્ગત હજ્જારો હરિભક્તો સવારથી સાંજ સુધી ઉપસ્થિત રહીને વિવિધ કાર્યક્રમો નિહાળે છે.



## વડોદરા ખાતે શાળા આરોગ્ય ચકાસણી અભિયાનનો આરંભ

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામે આવેલી પ્રાથમિક શાળાના પટાંગણમાં શાળા આરોગ્ય ચકાસણી અભિયાન અંતર્ગત મેડીકલ ઓફિસર ડૉ. હાર્દિક ભાવસાર, ગામના સરપંચ શ્રીમતી નયનાબેન દિલિપભાઈ ઝાલાની ઉપસ્થિતિમાં વિધિવત રીતે અભિયાનનો આરંભ થયો હતો. આ કાર્યક્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડોદરાનો સ્ટાફ વગેરે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રદેશ કોંગ્રેસના સંગઠનમાં ધરખમ ફેરફારો આવે છે

ગાંધીનગર, તા. ૨૨


ગુજરાતના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સામે સામાન્ય કાર્યકરથી લઈ પ્રદેશના નેતાઓની અનેક ફરિયાદને કારણે કોંગ્રેસ હાઈકમાન્ડ સોલંકીને તત્કાલ બદલવા માગતા હતા. પરંતુ ચૂંટણી જાહેર થઈ ગઈ હોવાને કારણે હાઈકમાન્ડ સોલંકીને બદલવાનો નિર્ણય લઈ શક્યુ નહી, પણ હવે ચૂંટણીના પરિણામ જાહેર થઈ ગયા છે જેના પગલે હાઈકમાન્ડે નવા પ્રદેશ પ્રમુખને મુકવાની દિશામાં કામ શરૂ કરી દીધુ છે.

પરિણામ જાહેર થયા બાદ ભરતસિંહ સોલંકીએ ગુજરાતના પરિણામની જવાબદારી પોતાના માથે લઈ પ્રદેશ પ્રમુખ તરીકે પોતાનુ રાજીનામુ રાટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીને મોકલી આપ્યું છે. સુત્રોના જાણકારી પ્રમાણે રાહુલ ગાંધી દ્વારા નવા પ્રમુખની પસંદગીની વિચારણા કરી છે. જેમાં અર્જુન મોઢવાડીયાને અગ્રતા આપવામાં આવી છે. આમ તો તેમને વિધાનસભામાં મહત્વની જવાબદારી સોંપવાની હતી, પણ તેઓ ૧૯૦૦ મતે હારી જતા હવે હાઈકમાન્ડ તેમને પ્રદેશ પ્રમુખની જવાબદારી સોંપવાનો નિર્ણય કરેલ છે. કોંગ્રેસ હાઈકમાન્ડના ધ્યાનમાં આવ્યું છે કે ગુજરાત કોંગ્રેસ પાસે કાર્યકરોનું માળખુ જ નથી જે ઉભુ કરવાનું મહત્વનું કામ પ્રદેશ પ્રમુખના શીરે આવશે.

# અમીત શાહ છેલ્લા દિવસ સુધી શંકરસિંહને સમજાવતા રહ્યા પણ તેઓ માન્યા નહીં

ભાજપ અને શંકરસિંહ વચ્ચે થયેલી સમજુતી પ્રમાણે શંકરસિંહ કોંગ્રેસ છોડી ભાજપમાં આવે એટલે ભાજપ તેમના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાને બાયડની બેઠક ઉપરથી ચૂંટણી લડાવશે, પરંતુ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યા બાદ બાપુએ જનવિકલ્પ તરીકે ભાજપની બી તરફ બાપુએ જનવિકલ્પના ૬૯ ઉમેદવાર મેદાનમાં ઉતારી દીધા હતા, અને જો મહેન્દ્રસિંહ ભાજપમાંથી ચૂંટણી લડે તો જનવિકલ્પના ઉમેદવાર ચૂંટણી પહેલા જ પાછા ખસી જાય તેમ હતા.

જયારે મહેન્દ્રસિંહની વ્યક્તિગત ઈચ્છા

ટીમ તરીકે મેદાનમાં ઉતર્યા હતા, પણ બાપુ અને ભાજપને બહુ જલદી અંદાજ આવી ગયો કે બાપુ ભાજપની બી ટીમ તરીકે મેદાનમાં ચાલી શકે તેમ નથી. બાપુએ રાજકીય જાહેરાતો કરી દીધી હોવાને કારણે તેઓ હવે ચૂંટણીના મેદાનમાંથી પાછા ખસી શકે તેમ ન્હોતા.

એક તરફ બાપુ જનવિકલ્પના નામે ઉમેદવારો મેદાનમાં ઉતારી રહ્યા હતા, જ્યારે ભાજપ બાપુને આપેલા વચન પ્રમાણે તેમના પુત્ર મહેન્દ્રસિંહને ટિકિટ આપી ચૂંટણીના મેદાનમાં ઉતારવા માગતુ હતુ. ભાજપ બાપુના નામે ક્ષત્રિય વોટ લેવા માગતુ હતુ, પરંતુ એક ભાજપમાંથી ચૂંટણી લડવાની હતી, ભાજપે પોતાના ઉમેદવારનીયાદી જાહેર કર્યા બાદ બાયડની બેઠક મહેન્દ્રસિંહ માટે ખાલી છોડી હતી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ છેલ્લી ઘડી સુધી બાપુને સમજાવતા રહ્યા કે તેઓ મહેન્દ્રસિંહ ભાજપમાંથી લડવાની મંજુરી આપી, પણ બાપુ માન્યા નહીં. જેના કારણે મહેન્દ્રસિંહ ચૂંટણી લડ્યા નહી, બીજી તરફ જનવિકલ્પનો એક પણ ઉમેદવાર ચૂંટાયો નહીં. જેના કારણે હાલ પુરતુ બાપુના રાજકારણ ઉપર પુર્ણ વિરામ મુકાઈ ગયુ. ૧૯૯૮માં પણ બાપુ રાષ્ટ્રીય જનતા પાર્ટીનો પ્રયોગ કરી ચુક્યા હતા, જેમાં પણ નિષ્ફળ સાબીત થયા હતા.

# શાળાકીય બોકિંસગ સ્પર્ધામાં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયનું ઉત્કૃષ્ઠ પ્રદર્શન

ગુજરાત રાજયકક્ષાની શાળાકીય બોકિંસગ સ્પર્ધા વર્ષ ૨૦૧૭-૧૮ની બોકિંસગ પ્રતિયોગિતાનું આયોજન તા. ૨૮ નવેમ્બરથી ૨ ડિસેમ્બર ૨૦૧૭ દરમિયાન સેગ દ્વારા છોટા ઉદેપુર ખાતે કરવામાં આવ્યુંહતું. જેમાં શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સે-૩૦ના ધો-૧૧માં ભણતા રાહુલ ડાંગરે ૪૯ થી ૫૧ કિલો વજનમાં અન્ડર-૧૯ બોકિંસગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન, અરુન તવ્વરે ૬૦ થી ૬૪ કિલો વજનમાં અન્ડર-૧૯ બોકિંસગ સ્પર્ધામાં તૃતીય સ્થાન જયારે રાહુલ રાજેશે ૫૦ થી ૫૨ કિલો વજનમાં અન્ડર-૧૭ બોકિંસગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વિદ્યાર્થીઓ ગુજરાત રાજયની ટીમનું પ્રતિનિધિત્વ આંતરરાજય કક્ષાની સ્પર્ધામાં કરશે. આ શાળાની ટીમ શાળાકીય રમતોત્સવ તથા બોકિંસગ સ્પર્ધામાં ગુજરાત રાજયમાં સતત છેલ્લા ત્રણ વર્ષથી વિજેતા બનતી રહી છે. પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, શોભનાબા વાઘેલા, શાળાના આચાર્ય યુવરાજસિંહ તથા શાળાના શિક્ષકોએ ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# રાસાયણિક ખાતરનું વેચાણ ૧-૨-૧૮થી પી.ઓ.એસ.થી જ થઈ શકશે

ગાંધીનગર, તા. ૨૨

રાસાયણિક ખાતરનું વેચાણ ડીબીટી યોજના અંતર્ગત પોઈન્ટ ઓફ સેલ્સ મશીન દ્વારા જ કરવાનું ભારત સરકારની સૂચનાથી નક્કી કરવામાં આવેલ છે. જિલ્લામાં આ યોજનાનો આરંભ ૧-૨-૧૮થી શરૂ થશે.

આ માટે જિલ્લામાં સબસીડાઈઝ રાસાયણિક ખાતરોના વેચાણનો પરવાનો ધરાવતા ૨૫૦ વિક્રેતાઓ છે. આ માટે હવે તાલિમ આપવાનું આયોજન તંત્ર દ્વારા આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર ખાતરના ફિઝીકલી સ્ટોકની એન્ટ્રી પી.ઓ.એસ. મશીનમાં કરવાની થશે અને પી.ઓ.એસ. મશીનમાં એન્ટ્રી કર્યા બાદ વિક્રેતાઓ સબસીડાઈઝ રાસાયણિક ખાતરનું વેચાણ પી.ઓ.એસ. વગર કરી શકશે નહિ. અગાઉ આ યોજના ૧-૧-૧૮થી અમલી બનવાની હતી પરંતુ હવે તે ૧-૨-૧૮થી અમલી બનશે. આનાથી માત્રને માત્ર ખેડૂતોને સીધો લાભ થશે અને ખાતરનું બારોબાર વેચાણ થતુ બંધ થઈ જશે તેમ તંત્રનું માનવું છે.

# ભારતીય નિર્વાચન આયોગ દ્વારા નવા ચૂંટાયેલા ધારાસભ્યોની યાદી રાજયપાલશ્રીને સુપરત કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

ભારતીય નિર્વાચન આયોગ દ્વારા તાજેતરમાં યોજાયેલ ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૭માં ચૂંટાયેલા સભ્યોની યાદી આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીને સુપરત કરવામાં આવી હતી.

ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી બી.બી. સ્વૈન તથા ભારતીય નિર્વાચન આયોગ, નવી દિલ્હીના વરિષ્ઠ અધિકારીઓએ રાજયપાલશ્રીની મુલાકાત લઈ નવા ચૂંટાયલા સભ્યોની યાદી સુપરત કરી હતી.




ઓમ શાંતિ! બ્રહ્માકુમારી કોમ્યુનિટી રેડિયો સ્ટેશન રેડિયો મધુબનને જયપુરમાં નેશનલ એનર્જી કન્ઝર્વેશન ડેના પ્રસંગે રાજસ્થાન સરકારના પાવર ઓફ ડિપાર્ટમેન્ટમાંથી ×રાજસ્થાની એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ ૨૦૧૭× તરીકે માન્યતા મળી. માઉંટ આબુના ઊર્જા સંરક્ષણ વિશે જાગૃતિ લાવવા માટે રેડિયો માધુનના પ્રયત્નોને ઓળખ આપવા માટે એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ એવોર્ડ રેડિયો મધુબન સ્ટેશન હેડ બી.કે. યશવંત, બી.કે. દ્વારા મળ્યો હતો. વૈશાલીનગર, જયપુર અને એનર્જી ઓડિટર કેદાર ખમીતાકર પાસેથી ચંદ્રકલા. રાજસ્થાન રિન્યુએબલ એનર્જી કોર્પોરેશનના ચેરમેન અને બી.કે. દોશીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી આર જી ગુપ્તા, રાજસ્થાનના ઊર્જા મંત્રાલયના પ્રધાન સચિવ સંજય મલ્હોત્રા દ્વારા આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

# બાળકોના વૈજ્ઞાનિક અભિગમને વધુને વધુ પ્રોત્સાહિત કરીએ : પ્રણવ મુખર્જી

## વિજ્ઞાનના ક્ષેત્રમાં બાળકો પોતાની જિજ્ઞાસાવૃત્તિને સતત પોષતા રહે : રાજ્યપાલ ઓ.પી. કોહલી

ગાંધીનગર, તા. ૨૨

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી આજે ગાંધીનગરના મહેમાન બન્યા હતા. ગાંધીનગર નજીક આવેલા પ્રેક્ષા ભારતી ખાતે પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના નામ સાથે જોડાયેલા એક એવોર્ડ સમારંભ કાર્યક્રમમાં પ્રણવ મુખર્જી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતના ૧૧માં રાષ્ટ્રપતિ અને આજીવન નવી શોધોને આવકારનારા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામને યાદ કરતાં પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ જણાવ્યું કે, વર્ષ-૨૦૦૮થી શરૂ થયેલા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ઈગ્નાઈટ એવોર્ડ માટે આ વર્ષે યુનિયન ટેરેટરી સહિત દેશભરમાંથી ૬૫ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પોતાના નવા વિચારો-શોધોને રજૂ કરવા નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનને અરજી મોકલી હતી. જેમાંથી ૫૭૬ જિલ્લાઓના કુલ ૫૬ વિજેતાઓને પુરસ્કાર આપતાં હું ગર્વ અનુભવું છું.




કલામના નામ સાથે જોડાયેલા આ એવોર્ડ ફંક્શનમાં જોડાવા બદલ ધન્યવાદ પ્રસ્તુત કરતાં તેઓએ જણાવ્યું કે, નાના બાળકોનો વિજ્ઞાન પ્રત્યેનો અભિગમ અને અવનવી શોધોથી હું ચકિત થયો છું. તેઓની આ શોધો અને નવા આઈડિયાને આઈઆઈટી અને એનઆઈડી જેવી દિગ્ગજ શૈક્ષણિક સંસ્થાઓએ પણ પ્રોત્સાહિત કરવા જોઈએ. અહિં પ્રસ્તુત ઘણાં વિચારો તો એવા છે જે લોકોનું જીવન વધુ સરળ બનાવે.

વિદ્યાર્થીઓના નવોત્થાનથી વિશેષ પ્રભાવિત થતાં પ્રણવ મુખર્જીએ કહ્યું કે, બાળકોની શોધ લોકો માટે ખૂબ લાભદાયી બની રહેશે. ઘણાં આઈડિયા માટે જોખમ પણ ખેડવુ પડતું હોય છે. ભૂલો થાય છે તો સામે શીખવા પણ મળે છે. આમ જ બાળકોના વૈજ્ઞાનિક માનસનો વિકાસ થાય છે. આ બાબતે હની બી નેટવર્કના ઉમદા કાર્યને તેઓએ બિરદાવ્યું હતું.

આ પ્રસંગે જ્ઞાન થકી પોતાની આગવી ઓળખ બનાવનારા નવસંશોધકોને પ્રોત્સાહિત કરતાં રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું કે, રાષ્ટ્રીય નવ પ્રવર્તન પ્રતિષ્ઠાન દેશભરના બાળકોમાં વિજ્ઞાન, નવી શોધ, નવા વિચારો અને જીવન જરૂરી પ્રવર્તમાન વસ્તુઓમાં જ કંઈક વધુ સગવડ ઉમેરવા હંમેશા પ્રોત્સાહિત કરે છે. અહીં ૫૬ વિદ્યાર્થીઓ દ્વારા અદભુત કહી શકાય તેવી ૨૯ કૃતિઓ અમે નિહાળી. જે દરેક તેના સ્થાને ઉત્તમ કહી શકાય. દરેક વિજેતા વિદ્યાર્થીઓને તેમણે જણાવ્યું કે તમે આજીવન તમારી જિજ્ઞાસાવૃત્તિને પોષતા રહેજો.

શ્રી કોહલીએ ઉપસ્થિત વાલીઓ તથા શિક્ષકોને જણાવ્યું કે તેઓ તેમના બાળકોના નવા વિચારોને પ્રોત્સાહિત કરે તથા વિદ્યાર્થીઓ તેની સાથે અભ્યાસ કરતાં આર્થિક નબળાં વિદ્યાર્થીઓને મદદરૂપ બને. સૌને આગળ આવવાની તક મળવી જોઈએ.

નેશનલ ઈનોવેટીવ ફાઉન્ડેશનના અધ્યક્ષ અનિલ ગુપ્તાએ જણાવ્યું કે, ૬૫ હજાર એન્ટ્રીમાંથી શ્રેષ્ઠ ૨૯ કૃતિઓને પસંદ કરવી કપરી કામગીરી હતી. જેમાં સંસ્થાએ સર્જનશીલતાની સાથે સંવેદનશીલતાને પણ ધ્યાને રાખી છે. એવા વિચારોને પણ આવકાર્યા છે જે નવા વિચારોનું બીજ રોપણ કરે. આ બધા જ વિદ્યાર્થીઓ દેશના વિજ્ઞાનનું ઉજ્જવળ ભવિષ્ય છે.

આ પસંગે પૂર્વ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ શ્રી દ્વારા વિજેતાઓને એવોર્ડ અને પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં. જેમાં પ્રો. અનિલ ગુપ્તા, ડૉ. એ.આર. માશેલકર, ડૉ. વીપીન ચક્રવર્તી, ડૉ. ભટ્ટાચાર્ય, ડૉ. આશુતોષ શર્મા સહિત વિવિધ રાજ્યોમાંથી આવેલા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા.